पति पत्नी प्रेम.

રચનાર.

Bh. A. Travad. Nadiad.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

અમીન. વૃજકીશોર લલ્લુભાઈ.

આવૃત્તી પહેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૦. સને ૧૯૦૪.

કીંમત. રૂ. ૦-૨-૦

"ધી જોશી પ્રીન્ટીંગ વર્કસ" ખાડીયા.

અમદાવાદ.

पति पत्नी प्रेम.

રચનાર.

Bh. A. Travad. Nadiad.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

અમીન. વૃજકીશોર લલ્લુભાઈ.

આવૃત્તી પહેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૦. સને ૧૯૦૪.

કીંમત. રૂ. ૦—૨—૦

"ધી જૅનરલ પ્રીન્ટીંગ વર્કસ" ખાડીયા.

અમદાવાદ.

દોહરો

કરી હતી મેં બહુ થકી ઇચ્છા પોથી કાજ,
શીવજીની કીરપા થકી થઇ પૂરી તે આજ; ।
ભાવ થકી કરૂ ભેટ તે પ્રેમ·વિષે થઇ લીન,
ઈચ્છા અનુસારે કરો વીરસ: વારી અમીન. ૧

ભારતવાસી બંધુઓને આગળ નિતિ ધર્મ (શાન્તરસ) પ્રતિ ઘણોજ પ્રેમ હતો. અને હાલ જ્યાં ત્યાં શૃંગાર રસપર અધિક જણાય છે. તેને અનુસરીને આ નાનુ પુસ્તક લખાયું છે. લેખકનો આ પ્રથમ પ્રયાસછે. તોપણ પ્રેમનું વર્ણન ઠીક છે. વળી બોધક વાક્યો છે. તેમાં કેટલીક અન્યોક્તિ છે. વાંચ્યા પછી મનન કરવાથી રહસ્યની અધિકતા સમજાય છે. શૃંગાર રસ છે પણ અનીતીનો નથી. નિતિમાં રહી આનંદાનુભવ મેળવવો એ શાણા સજ્જનનું કર્તવ્ય છે. માટે સદ્ગુણી વાચકો પ્રેયસ્કર માર્ગ ગ્રહણ કરશે.

ૐ



રાગ કલ્યાણ.

વિઘ્ન મર્દને પ્રભુ બિરદ પાળરે,
દાસ દુઃખ ટાળવા તું છે દયાગરે.
અશુભ શુભ આરંભ્યા આગળ સ્થપાય ગણપત દેવ.
વિઘ્ન સકળ હરવાને ઇચ્છે કરે સદા સુર શેવ.
વિઘ્ન મર્દને— ૧
સીદ્ધી બુદ્ધિ રંભા રૂડી લક્ષ લાભ છે સુત;
ફરશી આયુધ, મુશક વાહન, ચતુર ભુજ મજબુત.
વિઘ્ન મર્દને— ૨
રૂડી પુત્રી છે રીદ્ધિ સિદ્ધિ સ્વામી કાર્તિક ભ્રાત;
ઓખા બેની, ગીરિજા માતા, શંકર ભોળો તાત.
વિઘ્ન મર્દને— ૩
ક્ષેમ કુશળ જમાત્ર જોડ છે એવો છે પરિવાર;
લહીઆ સુંઢની શોભા સારી મોદીકનો છે અહાર.
વિઘ્ન મર્દને— ૪
લંબોદર કમંડળ કર છે શોભે મુખ એ દંત;
ભાઈલાલ કર જોડી કહે છે મેહેર કરો ગુણવંત.
વિઘ્ન મર્દને— ૫

શ્રી

પતિ પત્નિ પ્રેમ

દોહરા.

ભાગ્યશાળી જન ભોગવે પ્રેમ તણું માહા સુખ,
પ્રેમ સ્વાદ રસ ચાખતાં ભુલી જાય જન ભુખ.
પ્રેમ અલૌકીક રત્ન છે મળે ન ખરચે મુલ,
પ્રેમ કાજ પ્રેમી કરે અમુલ જીવ પણ ડુલ. ૧

વસંત તિલકા.

વિચાર ૠતુ હડતાં જ હેમંત કીધો;
વ્યાપાર્થ માર્ગ વણીકે પરદેશ લીધો.
[1] મુગધા વયેથી તજી તરૂણી ગુણવંતી,
છે પત્નિ રંગ રમતા પતિ સાથ ખંતી, ૨
હાંસી લી, હાંસ ધરી સ્વામીની સાથ બોલી,
મેલી અહીં કયમ જશો કહો દીલ ખોલી;
આનંદ અંગ ધરૂ છુ તમ મુખ ભાળી,
પ્યારા શિવાય પ્રિય એકલી આળ વાળી. ૩
ભામીની ભોળી ભરમાવી ભુલે કરીને,
આવીશ વેગથી રહે ધીર તું ધરીને.
છે પ્રેમી સત્ય વચની પણ ભાવી ભારી,
ગુંચાઇ તેથી વણીકે વનિતા વિસારી. ૪
આવી વસંત ૠતુ કામની પિડ જાંમી,
વિતી ગઇ મુદત દીન મળ્યા ન સ્વામી;
ચિંત્યાથી ચિત્ત બળતુ બહુ જોરમાં છે,

---

[1] મુગ્ધા=નાની.

વીસે મુખે કલમ કાગળ હસ્તમાં લે; ૪
તેણે લખ્યું કહુ તને શુણ મિત્ર મારા,
કેવી પતિશુ ધરી પ્રેમ રહી છે [1] મધુરા.
સ્વસ્તિ શ્રી રાજપુરી જે અતિ શોભતી છે,
ધર્મેથી લક્ષ્મીથી વળી ઘણી ઓપીતી છે; ૫
ત્યાં ગુણવંત મુજનાથ વિવેકી શાણા,
શીરોમણી હૃદય [2] ચોસર મોતી દાણા;
આરાધ્ય પુજ્ય દિન રાતી તણા વિધાતા,
માયાળુ, મુજ સુખ વૈભવ સર્વ દાતા; ૬
ભુપત્ય તુલ્ય [3] માહાજા મહી મધ્ય જેની
લોપે ન લાજ પણ રાજ કદાપી તેની;
બુદ્ધિ વિશેશ [4] ગમને સૌ જ્ઞાતીથી છે,
ખ્યાતી વિશેશ વણજે વળી જેની થૈ છે. ૭
તેઓની જોગ લખીતંગ સ્વનગ્ર વાસી,
સાષ્ટાંગ દંડવતથી પ્રણમું હું દાસી.
પામી છુ આપ પુન્યે કરી સુખ સારૂ,
દુભ્યુ નથી દિલ કદી ક્ષણ એક મારૂં ૮
તેત્રીસ કોટી કરૂણા કરી અર્જ મારી,
લેશો ત્વરાથી અબળા ગણીને સ્વીકારી.
વિદેશ દુર વિચર્યા મુજ સ્વામી તે જ્યાં.
તેને સહાય કરજો સહુ વિધિથી ત્યાં. ૯

---

૧ મધુરા=મીઠા મીઠા શબ્દના ઉચ્ચાર કરી આનંદ આપનારી સ્ત્રી.

૨ ચોસર=ચારસેર (હૃદયાનો હાર જેમ પ્રિય છે તેમ પ્રિય એવા સ્વામી)

૩ માહાજા=મર્યાદા. ૪ ગમને=ચાલવામાં.

શારદૂલ વિક્રીડીત.

અજ્જાગમાં લક્ષમી પ્રતિ રણુ સમે[1] રે'જો રૂડા રામજી
વાટે વહાલ વીઠલ વંન વિષે વેગે કરો કામજી
કાર્યેને રથગ સર્વેમાં રહી સદા હે ચક્ર હસ્તે[2]ધરા
જોડી હાથ કહું હું નાથ ભુજના વિઘ્નો હરે હો હરા. ૧

રૂક્ષ્મણી શાહાની લાવણી.

અશરણુ શર્ણી તું, અભર્ણુ ભર્ણીરે; (૨)
કરવા દુર, દુષ્ટ ક્રૂર, ધરે તુ શૂર,વાંધે તુર;
જય વિજય કરનીરે.—અશર્ણુ શર્ણી તું, ૧
[3] કલ્પ વલ્લી હે, કષ્ટ હરનીરે;
કૃત્ય તુજ, વિશ્વ પુજ, કરવા ભુજ, ન દેર સુજ;
તારણી ભવ તરનીરે,—અશર્ણુ શર્ણી તું, ૨
[4]ભગત વત્સલી, બાંહ્ય ધરનીરે:
હુ તનુજ, ભવ ભમુજ, પ્રચંડ ભુજ; ધર શિર મુજ;
ન જરા મર્ણુ કરનીરે—અશર્ણુ શર્ણી તું,
; સુખ સાગરી, બીરીદ બનીરે;
સુણી સુર, કરવા પુર, ઘણા અશુર; કર્યા તેં ચુર,
હું કંથ ઉદ્ધાર કરનીરે—અશર્ણી તું, ૪

નારાચ છંદ.

ગિરી સુતા પતિ શ્રી શીવ શુકલ રૂદ્ર શંકરા,
પશુ પતિ ભુનાથ ભગત વત્સલા ભીતી હરા.
પ્રચંડ ભુજ ભસ્મ અગ ગંગ શીશમાં ધરા,

---

[1] રણુ=યુધ અથવા દેવુ. ચક્ર હસ્તે ધરા=હાથમાં સુદરશન ચક્ર ધારણ કરવા વાળા શ્રીકૃષ્ણ. ૩ કલ્પ વલ્લી=ઇચ્છિત ફળ આપનારો વેલી, એવા વેલા રૂપી તું, ૪ ભગત=વૃદ્ધા વસ્થા.

શશી લલાટ સર્પ માળ વિષ કંઠમાં ભરા. ૨
સ્મશાન વાસ નંદી સ્વાર ભૂત સાથ ઇશ્વરા,
ત્રીશુળ પાણિ રાણી જે [1] રતી પતિ ક્ષિતી કરા. ૩
સુનીતી રીતી દેઇ દુઃખ કાપશો કૃપા ધરા,
કરો હું ઓથ સ્વામી (ની) દિવ્ય દેવ હે દીગંબરા. ૪

વસંત તલિકા.

રાખો સ્વતંત્ર મમ કંથ શ્રી સર્વ વાતે,
આનંદ વાસ વસજો તમ દીલમાં તે.
વિશેશ વ્હાલ ધરી સ્વામી હું સુખ સારૂ,
દુભે શુ દીલ વદતા વદ કોઇ ત્હારૂ. ૧
છે જેષ્ટ સાસુ સસરા નણદી દયાળાં,
છે માત તાત વળી ભાંડુ ઘણાં પ્રિતાળાં:
દુભે ન કોઇ કદી રાખતા ખુશ ઝાઝી,
ઉદાશી અંગ ન તજે મરૂ તેથી લાજી. ૨
પ્યારા વિયોગ તમ સંકટ ખુબ દે છે.
વિસ્તારી દાશી દિન તે વિનતી વદે છે.
ત્યાગી મને તમ વિદેશ વિષે સીધાવ્યા,

---

૧ રતી પતિ ક્ષિતી કરા=રાણી રતીનો જે પતિ કામદેવ તેનો ક્ષય કરનાર શ્રી શંકર મહાદેવને ધ્યાનમાંથી ભુલાવી વિઘ્ન કરવાથી મહાદેવે કામદેવને શાપથી બાળી નાખ્યો ત્યારે શ્રી પાર્વતીજીએ પોતાના નખને વિષે તેને સંતાડવાથી એક શતાંશ રહી ગયો છે; તે જેને પોતાનું મન વશ નથી તેથી અનાચાર કરે છે. એવા મનુષ્યને નર્કદ્વાર બતાવે છે.

તે [1]દીનથી દીન દીને દીન[2]દીન આવ્યા. ૩
માળી સુધા[3]જળ રૂપે તમ હુંઈં વાડી,
વિયોગ જાણી સુર્ય-રવી[4] કામ દાડી.
ચંપા તરૂ તન મુળે ઘણી આગ મૂકે;
મુઓ વસંત[5]રૂતુ વા કરી જોર ફૂકે: ૪
હે પ્રાણ પત્ય થઇ મેઘ મળી બુઝાવો,
ભાગી વિયોગ બળતાં[6] અબળા બચાવો.
કુહાડી લઇ મદન[7]માળીની છેદવાને,
રીસે થયો ધસ મસો રીપુ ભેદવાને, ૫
જાણી ઘડીત ઘડી નાર વસુધરાએ,
ને આપને અરપી તેનુ અમાન્ય થાએ.
પુરવ આપ પ્રતાપ હું ભાગ્ય પામી,
તો કેમ આપ કરીયો તજીને નકામી. ૬
બેઠાં સજોડ, ગ્રહી હાથ ન સાથ ચાલ્યાં,
વિનોદ વાત કરતાં મળી પાંન આલ્યાં;
પ્રશ્નોત્તરો પણ કર્યા વળી શીખ લીધાં,
ઝાઝા દીનો વહી ગયા પતિ હાસ્ય કીધાં. ૭
પૂરી કૃપાથી વિશ્વેશ્વર કરન નાથે,
સોંપી સુભાગી તમ પ્રિતમ સોંપી હાથે;
તોએ સુકાય વણ વારીથી વેલ્ય વેલી,
સુકાઇ તેમ બની નાથ અનાથ ઘેલી ૮

---

૧ દીન=દીવસ, ૨ દિનઃ=ગરીબ. ૩ સુધા=અમ્રત ૪ રવી કામ=સુર્યરૂપી કામદેવ. ૫ વસંત રૂતુવા=વસંતરૂતુનો પવન આંગને પ્રજ્વલ કરી વિયોગના કષ્ટમાં અગ્નીકતા કરનારો છે-૬ અબળા=સ્ત્રી ને, માટે દયા જનક શબ્દ છે-૭ મદન= કામદેવ—

ભુજંગી છંદ.

૧

લખે કાગની જીવ છે કંથ પાસે,
રહી [૧] જોબના હાલ એકાન્ત વાસે;
ધર્યો પત્ર [૨] ઉછંગ ઉમંગ હીણી.
છુટા કેશ પ્રસ્વેદ છે વિરહીણી. ૧
હતો આઇનો ગોક ગૈ દ્રષ્ટી તેમાં,
દીઠુ મુખ ફીકુ નથી તેજ જેમાં.
થઇ વાત ત્યાં યાદ સંયોગની જે,
વહ્યું નીર તેથી વહે નેત્રથી જે. ૨
પડયાં આંસુ ચોળી ભીજી કાગળે જ્યાં,
દીઠી આવતી દુર શાણી સખી ત્યાં.
થઇ શાન્ત લાજે ખરી એ પ્રસંગે,
ઉઠી સામી ચાલી શકી ના ઉમંગે. ૩
ઉભી પાસ આવી સખી હાસ્ય કીધુ;
હશી બોલી ના, ના શકી માન દીધુ.
કરી જે ક્રીડા [૩] રેણીએ કંથ સાથે,
મદે ઘેલી થઇ આવી વિનોદ વાતે. ૪
જુરે કેમ પૈસા વિના દિન પ્રાણી,
શકે લક્ષમી વંતો ન તેએ પ્રમાણીાં
દીઠી પ્રિત વંતી ભરી શોક ઝાઝે,
ભરી હર્ષ છે આપ સંયોગી આજે. ૫
થઈ પ્રેમીનુ દુખ દેખી દુ:ખાળી;
ન તોએ રહી આપનો હર્ષ ખાળી
દીધુ માન કે મ્રાન હીણી ન જાણ્યું,

---

૧ જોબના=જુવાન સ્ત્રી ૨ ઉછંગ=ખોળો. ૩ ક્રીડા=રમત.

[1] રતી વાત માંડી દુઃખે દુખ આણ્યું. ૬
સખી આજ નિશા બની મૌજ માણી,
કહુ રેણી ગઈ કેમ તે મેં ન જાણી.
ફરી એમ માંડ્યુ કથન આપનુ ત્યાં,
ઈંદાશી ઊરે બેઠી વિયોગીણી જ્યાં. ૭

શાર્દૂલ વિક્રીડીત.

ધારી પુલ્લની માળ કંથ દીપકો ખંડી સુતા આગળે,
પૂરેથી ગઈ, જાણી ઉંઘ વશ છે ત્યાં ચુમવા તે પળે.
આતાં સ્પર્શ જ હાર બોલી ભરમે ભુજંગ છે હાયરે,
ધાઓ ત્યાં ઝબકી કેહે પિયુ, પ્રિયા શું છે કહે ક્યાંયરે. ૧
હાએ, સાપ, ઉઠોજ એમ વદતાં ઉઠી બીડી ભુજમાં,
ક્યાં છે ક્યાં. અલી આમ કેમ, કહ્યુ કે છાની રહી લાજમાં
જાણી નાથ થયું શું આ કરી કીધો દીવો અને મેં દીઠી,
માળા કંથની કોટ મા પછી ગળે ઝુકી હું બોલી ઉઠી. ૨
ત્યાં ચુમી કરી વેગળી ધરી કરે મારા ભુજાને વળી,
ઠેકી પીઠ સજોડ સ્વામી ઠરીને ઝાલી રહ્યા આંગળી.
એઠાં બે બીછવેલ [2] એજ મીશથી સંગે પલંગે ચડી,
માંડી ત્યાં ઉદમાત હાસ્યની ક્રીડા તેમાં ખશી હું પડી. ૩
જાણી જોઉ કરે શું એમ કરીને બોલી ન બેઠી ઉઠી,
બોલાવી જુજ વાર [3] પાણી [4] પરશી ઢંઢોળી, બોલી રૂઠી;
જાઓ પાડીં વગાડી જાણી શાને કરીને કરો આકળી,
જાણે નિશ્ચય ઊરના નહીં નરો બાળા પિડ્ડાશે વળી. ૪
સુણી વેણ, રીશાળ ક્રોધી રીશમાં આવી સુતા ઉલટા,
જા. બોલુ નહીં જાણી આજ ઠગણી જુઠા વદી કુલટા.

---

૧ રતી=કંથ ક્રીડા. ૨ મીશથી=રીતે ૩ પાણી=હાથ
૪ પીરસી અરાડી ૫ બોલી રૂઠી=ત્યારે રીસ કરીને બોલી.

જાણ્યું મેં તર આજ સેજ હસતાં સ્વામી રીશાયા પૂરા,
[1]જો વેણે રીશ નાવને ધરીશ તો, ધાર્યાં ગળ્યા ઉભરા. ૫
જોડી હાથ કહ્યું ન નાથ રમતાં શિક્ષા ઘણે આવડી,
ત્યાગી થૈ તમ શર્ણું તાત ભગની ભાઇ અને માવડી.
આપો માફ ફરી કદી નહીં કહું સ્વપ્ને ધરી ધ્યાનમાં,
પેરેપેર મના વિયાજ પણ તે સાચે રહ્યા માનમાં. ૬
ધારી સંગીત તાની ક્રોધ તજશે, નુપુર છે પાયમાં,
વિણ ધારી હસ્ત મસ્તર બની બળે અંગાર છે કાયમાં,
આપી ધૈર્ય ધરી રજા ચલવતું તા'રા પણું જે બળે,
આજ્ઞા લે મનની પછીથી રસના રેશો રસે ને કળે. ૭

રાગ માઢ.

તને અબળા પોકારે, દીલમાંહી ધારે, વારે વારે,
વા'રે ચડો રતિ[3] રાજ.
પુનમ ચાંદની ખીલી ખગે જોની ચેન કરે છે ચકોર,
આવે સમે કેમ કંથ રીશાયા, અશ્રૂ વડે જેમ ઓર રે,
રૂતુરાજ વસંતે, બાગથી ખંતે, વાયુ વહંતે,

---

૧ જો વેણે રીશ નાવને ધરીશ તો,=નાવ=સ્વામીના રીશમાં બોલેલા અઘટીત શબ્દો જે ઠગણી કુલટા વિગેરે તે પર રીસ કરીશ તો (વધારે પસ્તાવાનો સંભવ થશે તે અધ્યા હાર) આ અધ્યાહાર રહેલા શબ્દો સ્વામી રીસાવાથી થએલી અધીરતા (ગભરાટ) જણાવે છે. અને તેથી પ્રેમનું રૂપ ઓળખાય છે.

૨ મસ્ત બની બળે અંગાર છે કાયમાં.=સ્વામી રીસાવાથી શરીરમાં લાહ્ય છે પણ તે ગાયનનાં શોખી હોવાથી મનાશે એમ ધારી ગાયનમાં હર્ષના હાવ ભાવ બળે જણાવે છે.

૩ રતી રાજ=કામરૂપ.

વ્હારે ચડો રતી રાજ. તને અગળા
પિયુ રીઝી પોઢે પુષ્પ પથારી, મારે વ્યાપો સર્વાંગ,
વિણા સ્વરે [1]આલાપી કરી તો કરૂ [2]મદન સાષ્ટાંગરે,
થાય દીલમાં [3]ગ્લાની, મન અકલાણી, જોઉ હું પાણિ,
વ્હારે ચડો રતી રાજ; તને અગળા— ૨

કામની કંથ એકાન્તે વસીઆં, બોલે મધુરા મોર,
આરે શમો રંગ રેલ થવાનો, તજી ગયો તન કાં [4]ચોરરે,
હા હા વખાજ આવ્યા, લેઈને લાવ્યા, જુવાની જાવ્યા,
વ્હારે ચડો રતી રાજ, તને અગળા-- ૩

હરિગીત છંદ.

સ્વામી પોયણી પુષ્પ સરખી કાય દીસે આપની,
કેતા મને [5]અર્ધાંગ [6]વદની ચંદ્ર પ્રીત કયમના ગણી.
શૃંગાર ધારી હાવ ભાવે નિકટ નારી નાચતી.
ના કરી શકાઈ મદે હા હા એક અગળા રાચતી ૧

ઘર નાર ઘણી આ કગરે ન નીકળીયુ તેની બણી,
કરશો ખુશી કેવી રીતે કરી ગ્હાર ગૌબ્રાહ્મણ તણી
અઘરૈંશ વટ વૈશો તણી કે મર્દની મરદાઈ ગઈ

---

૧ આલાપી=રાગને બરાબર સુરમાં આણીને—મદન=કામ દેવ ૩ ગ્લાની=દુઃખની અવશક્તિ ૪ ચોરારીસથી=ગર્ભાવેશમાં કામ દેવને, ૫ અર્ધાંગ=સ્ત્રીએ પુરૂશનું અરધુ અંગ ગણાયછે. ૬ વદન- ચંદ્રઃચંદ્રના જેવી શીતળ અને શ્વેત શરીર વાળી (તમારૂ શરીર પોયણીના ફુલ જેવુછે અને મને તમે ચંદ્રવદની કેતા હ- તા, તો પોયણાને ને ચંદ્રને પુર્ણ અખંટીત પ્રેમછે તો ત- મારે તે પ્રમાણે મારી સાથે નહિં રીસાવુ જોઇએ.)

ફરી [7]કોપીયા ત્રીનેત્ર કે વય વૃદ્ધ મનમથની થઇ ૨

ઝુલણિ છંદ

પતિ વચન ન ગણી મન નમી; [1]નગણી
કરી મરમ પરમ. વદી તવ ન ગણી.
ન ગણી ન સુણી [2] કશી મૂમ મન પરની
ચરીતરકરી ચલવી છુપવી ઉરની. ૧

લલિત છંદ.

અરર કર્મ તું કારમું થયું, [1]કશી અતિ છુટી બાંધ્યુ તે ગયું.
રમત ખેલતાં રૂઠીયા પતિ, મનાવવા મથી મે'નને અતિ. ૧
ઠગણી, જૂઠીને કુલટા કહ્યું, સમજી સ્વામી તે દીલના લહ્યું
ફકત ઊચરી નિર્દયા નરો, ગણી વિશેશ શું તે વધુ કરો. ૨
કરગરી ઘણીવારને કહ્યું, કથન મુજનું દિલ ના લહ્યું,
ન ધીર જીવને ધારતા રહે, ગરીબ ગોરી આ કષ્ટ કયાં કહે. ૩
નયનના દીસે ચંદની છતાં, ન મળીમાં ગતી પ્રાણ રૂકતાં.
નથી ઊપાય હા હાય શું કરૂ, જરૂર પેટ ખે પાળી હું મરૂ. ૪
અતિ સુખો તને જીામેં દીધાં, શુભ પતિ મળે કર્મ સૌ કીધાં
હતુજ લેણુ કે દેણુ આટલું, પુરૂ થયું હવે પંથ હું પળું ૫.

ચોપાઇ.

વદી વાત આ પાગી લઇ, તવ સ્વામીને ફીકર થઇ,
ઊઠી ઝડપ જાલ્યો મુજ હાથ, ડાબી હૃદયે ભીડી બાથ. ૧

---

૭ ત્રીનેત્ર=માહાદેવ(માહાદેવે ફરીથી કામદેવને શાપથી બાળી દીધોકે એને ઘડપણ આવ્યું વિગેરે આ જગ્યાએ પતિએ ઊચારેલા શબ્દ કામના રૂપમાં છે પણ તેનુ મુળ ને મુખ્ય કારણુ પ્રેમછે).

[1]નગણી=ટેક વગરની [2]કશી કાંઇપણ
૧ કશી=તાણી.

નહિ નહિ નાથ મુકી દ્યો મને, કે, હું કેળવતો તો તને.
વાર્યું વિધવિધ રીતે કરી, કહ્યું નહીં કરૂ હું આવું ફરી. ૨
આપે ઊચકી લીધી મને, કહ્યુ શૈયામાં બેસારી કને.
જાણ્યું મેં મુજ ધાર્યું થયું, વિષ રૂદયેથી ઉતરી ગયું. ૩
એ રીતે રોસાયા ધણી, મનાવ્યા મેં મેહેનતે ઘણી.
ત્યાર પછી માંડયું રતીકૃત્ય, શાણી જાણીને કહુછું સત્ય. ૪

શિખરિણી વૃત્ત.

ભીડો ભુજે હરખે ગ્રહી શીશ ચુમી લાવ'જ લીધો,
વળી સારી પેઠે [1]અધર રસ પ્યારે ખુબ પીધો.
વધ્યો પ્રીતિ વન્હિ પણ ન શરમે હું કહી શકી,
ધીરે ધારી [2]આલી શરમ જીતી મ્હેં કામજ થકી. ૧
વિચારી વ્હાલાનું મદનમય આલિંગન લીધું,
પછી ઊભી સામે દઇ જ ટપ તાળી હસી દીધું.
પ્રગટ લજ્યા થાતાં પ્રયત્ન [4]પિયુડે પણ કીધો,
સુતી હુંતો સેજે [5]પલ્લવ તન પ્યારે ઝુકી લીધો. ૨
પછી પોઢયાં પ્રિતે પ્રીત મય બનીને શયનમાં,
[3]શિવારીયાં વાધ્યો અતિશય બેહુની નયનમાં.
લપેટીને પોતે કહ્યું વળી અલી લાજ જ લીધી,
નહીં સ્વામી મારા સરસ તમ શોભો સહુ વિધી. ૩
કીધું શું ત્યાં પ્રિતે શરમ મુકી કે'વું ઘટીતશું?
અરે ના ના બેની શરમ મુકી શુ. સુખીજ થશું.
પુરી પ્રિતી જામી સમય પ્રિતિનો પુર્ણજ થયો,

---

૧ અધર=ઓઠ. ૨ આલી=પ્રિય. ૩ શિવારી=કામદેવ, મહાદેવે એનો નાશ કર્યો છે માટે શીવ+અરી=મહાદેવનો વિરોધી. ૪ પિયુડે=સ્વામીએ (પિયુડે, એ પ્રેમના આવેશમાં લાડઘેલો શબ્દ વાપર્યો છે.) પલ્લવ સાડીનો છેડો.

અને એની માઠી રવી[૬] રિપુ ત્યાં ઉદય થયો. ૪

દોહરા.

થઈ છે થોડા દીનથી સૈયર તુજ મુજ પ્રિત,
પુરણ દીન ખેલ્યાં નથી સાંભળ સારી રીત. ૧
તું રતિ ક્રીડા મદ મથી શું થઇ[૭] હર્ષાંધીન.
નજર કરી નથી પૂંછતી કયમેં વીતે દીન. ૨
કયમ આસન ના આપીયું કયમ ના દીધું પાન,
કયમ ના હુંકારો કર્યો કયમ હરખ્યું નહિ વાન. ૩
એ ઉદાર નથી કયમ નજર કરતી શાણી લગાર,
વાત વદે પોતા તણી તે મુજ મન અંગાર. ૪
સાંભળ સખી મુજ સુખ કહુ વિચર્યા પિર વિદેશ,
વિયોગની [૧]વિપત્તિથી વિહવળ રહુ હમેશ— ૫
સર્વે વાતની સાક્ષતા અવર કોઇથી થાય,
સગુ સાસુ [૨]જાયા વના આ દવ ના હોલાય. ૬
તે માટે શીરતાજને લાજ તજીને પત્ર,
[૩]દ્વારા દાદ જણાવવા લખતી હતી હું અત્ર. ૭
તેમાં તેં આવી અને ધર્યું આગમાં [૪] તુપ,
વાત વિહાર સુણાવીને ખોદયો દુઃખનો કુપ. ૮
શ્રવણ થતાં તુજ વેણ આ સંપુરણ સૈયોગ,
જુગત તણી વ્યાપી હદે ભોગવીયા'તા ભોગ. ૯
તે કાહાડુ કયાં ઉભરા ભરઇ ગયા ભરપૂર,
શાન્ત થવા સોહાગીની એવું સુજે ઊર. ૧૦

---

૬ રિપુ=શત્રુ. સુર્યોદય થવાથી ક્રીડા તજી દેવી પડી તેથી એને રીપુ કહ્યો છે. ૭ હર્શાંધીન=હર્ષમાં આંધળી.

૧ વિપત્તિ=દુઃખ. ૨ જાયા=જણ્યા. ૩ દ્વારા=મારફત. ૪ તુપ=ઘી.

ધીર નથી ધરતાં જરી રસના કે મન એક,
પણ બનતુ વિચારીને વાપરી વદુ વિવેક. ૧૧
બને[૫]બિભસ્ત સિંગારમાં માટે પુર્ણ પ્રકાર,
સખી છે પણ નહિ કરી શકું એ બાતે વિસ્તાર. ૧૨
તો પણ વર્ણન કામનું તે હું મન વ્યાકુળ,
તેથી વદુ વિશેશ તો માફ થવા અનુંકુળ. ૧૩

તોટક છંદ.

સખી હું પણ સ્વામીની સાથ અતિ,
મદ મસ્ત થઇ મકલાઈ હતી;
ઉપભોગ યુવા વય જાણી ઘણા,
કરતાં ન કરી જરી કાંઈ મણા.
અભીમાન તણાયું તરૂણ પણે,
ઝુરી જાત ગળાઇ વિયોગ રણે;
થઇ તર્ક વિતર્કથી મંદ મતી,
ફરી બાલ લખી નહીં એક રતી. ૨
નથી [૧]તુન્ય જ તોય વધુ કરવા,
ગુણવાન ગયા [૨]અપધી તરવા;
રસ પ્રીતિ વિહાર તણો ચખવી,
પૂરી [૩]કોડ પછી પ્રમદા દખવી. ૩
વિસરે ન તે વખ્ત વિહાર તણો,
સખી રેલવીએ જ રંગ ઘણો;

---

૫ બિભસ્ત=કવિતની. ૧ કરૂણા. ૨ રૂદ્ર. ૩ હાસ્ય. ૪ વીર, ૫ બિભસ્ત, ૬ સૃંગાર, ૭ ભયાનક, રૌદ્ર, ૮ શાન્ત ૯ એ નવ રસમાંનો રસ છે.

૧, તુન્ય=ખોટ. ૨, અપધી=સમુદ્ર. ૩, કોડ=હાંસ.

ગ્રહી [1]છેલ વિહાર તણી છબી જે,
વિસરે વિસરાય કહો કયી તે. ૪
પ્રગટયો પુર સોળ કળાથી શશી,
પતિ સાથ હું બાગની માંહ્ય વસી;
ગ્રહી આંગુલી નાથની ને ફરતી,
હતી વૃક્ષ તણી ચરચા કરતી. ૫
ઉડતું જળ યંત્ર તણા પ્રબળે.
ભ્રમથી મન મોહથી [2]મુકત ફળે.
વરણી ન શકું [3]ઉપવન વળી,
[4]રસીલા થકી જ્યાં ઘણી મોજ મળી. ૬
વિધ વિધ વિષેશ તમામ તરૂ,
અતિ હાંસથી શોખીન સાથ ફરૂં;
વળી વેલ વિષેશ પ્રકાર તણી,
રચના કરતાં કરી યુકતી ઘણી. ૭
ચિત્ત ચોર ચકોર હતાં ફરતાં,
વળી જંતુ અનેક ક્રિડા કરતાં.
સઘળે પ્રસરી હતી શાન્તિ અતિ,
સુખ મંદ સુગંધ હતી વહતી. ૮
ગઇ દ્રષ્ટી જ વાદળ નિર્મળમાં,
મન મોહક તે પણ તે પળમાં;
વિગરે પણ સારથી સેંજ કહ્યું,
ક્યમ જાય વિહારી વિહીણું રહ્યું ૯

---

૧ છેલવિહારી=વૈભવ ભોગવનાર, વિગેરે સ્વામીનાં વિશેષણ છે. ૨. મુકત=મોતી. ૩. ઉપવન=બાગ. ૪ રસીલા=પ્રેમમાં મગ્ન થઇ ગએલો અપેક્ષક.

દોહરા.

સખી સમય સાંભરૂં થકી ઇચ્છા ઉપજી એમ,
શ્યામા સ્વર તુજ સુણતાં પ્રગટ્યો ઉરમાં પ્રેમ. ૧
શીર આજ્ઞા શીરતાજની ધરવી એ મુજ ધર્મ,
સમજી સ્વામી કારણે કીધું મેં તે કર્મ. ૨
વસ્યાં હતાં એકાન્તમાં વિહાર વિનોદની કાજ,
લતા મંડપે મોજમાં હું ને મહારારાજ. ૩
ગાયું હતું જે તે સમે પતિ મન રંજન કાજ,
તે'માંનું કંઈ તુજને કહુંછું થોડુ આજ. ૪
ગુહ્ય વાત ઘટે નહીં કરવી ત્રીજે કાન,
તો પણ અવસર જાણ થકી મેં મુક્યું તે માન. ૫
ચરણ વિષે નુપુર હતાં વિણા [૧]પાણિ લીધ,
કરવા પતિઇચ્છા પૂરી કૃત્ય ગાંધર્વનું કીધ. ૬

રાગ પીલુ (ગીરધારીનો)

સહુ સતિનેરે શીખ હૃદયમાં ધરવી;
સ્વામીની શેવા કરવી.
નીચ સંગતરે, સ્વપનેના આદરવી,
છે [૨]ભવ વૈતરણી તરવી.
ઝુલ અંત અરથે રસાળજો ભરવીરે,
યશ ઇજત ઇચ્છા કરવીરે,
હોય પ્રિતી સઉની સંગરવીરે;
તો તો નિતિરે નારીએ વાપરવી. ૬
સ્વામીની શેવા કરવી,
હોય રોગીરે, કે મતીમદ કદાપી.

---

૧ પાણિ=હાથ. ૨ ભવવૈતરણી=સ્વર્ગ અને મૃત્યુ લોક વચ્ચેની નદી.

વળી નિરધન હોય તદાપી;
કુછંદીરે, કે દુરગુણ [1]દધિ પાપી,
પણ પદવી પતિ તણી આપી.

ઝુલ સ્તી સમૃતી સર્વ વખાણેરે,
પુરાણે પદ પરમાણેરે,
સજ્જન પણ સઘળાં જાણેરે;
પરમેશ્વરરે પણ એ પતિ મતી ધરવી,
સ્વામીની સેવા કરવી. ૨

પતિ વ્રતથીરે અવર મહા વ્રત ક્રોટાં;
પતિ મરજી વિણ સહુ ખોટાં.
જવાહીરનાંરે, ઝાઝાં આભ્રણ મોટાં,
પણ [2] શીયળતાનાં નહી જોટાં,

ઝુલ આ ભવમાં પણ શોભાવેરે
પર લોકે કામજ આવેરે,
ગુણ જેના ગુણી જન ગાવેરે;
એ પદવીરે, પ્રાણ થકી સંઘરવી.
સ્વામીની સેવાની કરવી ૩

હરીગીતછંદ

કર્યું બાગનુ વર્ણન અને રૂપ ગુણ ત્યાં ગાયા ઘણા
મન માની મોજો માણતાં રાખી નહી રતીએ મણા.
તે ચીતર્યો [3]ચીતર હૃદય પેખુ હું પુરા ખરી.
પણ [4]વર્ણતાં આવે શમે હાયે હરી હા એહરી ૧
ન શક્તિ તે વિસ્તારવા હુંમાં સખી હાવે જરી,

---

૧ દધી=સમુદ્ર.
૨ શીયળ=સદાચાર –ચીતીર=છબી[જોએલી બાબત પરધ્યાન થાયછે ત્યારે તે પ્રત્યક્ષની માફક અનુભવાયછે) ૪ વર્ણતાં=કેતાં(હૃદય ભરાઈ આવવાથી કહી શકાતુ નથી.)

નવ કલ્પ વૈભવ કલ્પી લે હું તો બની ગઇ બાવરી.
કરી પાંખ છે કર્તાર તેં તો પક્ષીને કોટી ઘણી;
શું પાપ મારાં પ્રગટીયાં તે ખોટ આવી [2] એ તણી. ૨

શાર્દૂલ વિક્રીડિત.

જાણું છું મુજ માન દાન દાતા અબળા તણા ઇશ એ;
પ્રાણે એ તન એ મને જ [3] ઘટ એ લાજે સંગારે જ એ;
એ કુટુંબ શીરોમણી જ સુખ એ, એ જંગમે સ્થાવરે,
એ હૈયા પરના જ હાર પણ એ, એ થાપણે એ ધરે.
એ છે એ મુજ શસ્ત્ર વસ્ત્ર સઘળું એ ધૈર્ય કેરો ધરો,
એ જાતાં શુ રહ્યું હવે સખી કહે લાખો રીઝાણાં કરો.
નાતા ના નથી ચેન રેન દીનમાં કોને વિપત્તિ કહુ;
જો લાવે પિયુ તેહની વણ [4] મુલી લુંડી બનીને રહું. ૨

માલીની વૃત.

કરમ કઠણ આવું ધાતકી હોતુ જ્યારે,
જનમ જ શીદ આપ્યો [5] જોગટા જો તું ત્યારે;
જનમ જગ દીધો તો [6] જોબના કેમ કીધી,
કીધી પછી કંઈ ખોટે જોબને લુંટી લીધી. ૧
હતી નજર હીણી તો પ્યાર શાને ધરાવ્યો,
પ્રીતિ રસ ચખવી ને જોગ જૂદો કરાવ્યો;
પળ [7] ભુમી પતિ વિના જુગની જોડ થાએ;

---

૧ નવ કલ્પ=કલ્પનાથી થઇ શકે નહીં તેવો. ૨ એ તણી=એ પાંખોની (પ્રેમ ઘેલી થઇને કહેછે. પાંખ હોત તો તો ઉડીને મળત.) ૩ ઘટ=હૃદય. ૪ વણ મુલી=પૈસા લીધા વગર, ખર્ચ વગરની દાસી, દાસી કરતાં પણ લુંડી શબ્દ હલકો છે. ૫ જોગટ=મહાદેવ, ખળતરાના આવેશનો શબ્દ છે. ૬ જોબના=જુવાન. ૭ ભુમી-એક.

ઝટ ઝટ ઝટ જોડું જોડવો લાગુ પાયે. ૨
નથી નથી નથી શરીરે શક્તિ કે સુખ શાન્તિ,
નથી નથી નથી હૃદયે ધીરતા ચિત્ત ભ્રાન્તિ;
નથી નથી નથી અંગે રત્ન કે હીમ પ્યારૂં.
નથી નથી નથી જોને વસ્ત્ર પણ ધાર્યું સારૂ. ૩
પિયુજી પરવરીયા સાથ સર્વે [1] સીધાવ્યું,
કયમ દમ દમવાને દીલમાં રેહેવું ફાવ્યું
ન કરવી ઝટ નારી નાથની સાથમાં તો,
મરણ તરત આપો [2] ફાંસુ શાને દમો છો. ૪

ભુજંગી છંદ.

ધણી સુરતી જોઇ જ્યારે સખીને,
વદી શાન્ત થા કંથને આ લખીને,
જતાં હાથમાં પત્ર તે અત્ર આવે,
સતી સોચના તાહરી દૂર જાવે. ૧
પછી કામનીએ કીધો પત્ર જારી,
હદે સોચના કંથની કેર કારી.
ધરી સ્વામીનું ધ્યાન ને દી ગુજારે,
રહ્યા પ્રાણ આશે પીયુના વિચારે. ૨

વસંત તિલકા છંદ.

આવી [3] વસંત રતુ આ સુખ શુભ દાતા,

---

૧ સીધાવ્યું=ગયું, સ્વામીજી ગયા તેની સાથે સર્વ ગયું ત્યારે હે દૈવ દુઃખ દેવા માટે તું કેમ રહ્યો ? ૨ ફાંસુ=ફોગટ. ૩ વસંત=હેમંત, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ અને શીશીર એ ૭ રતુમાંની એક રતુ, તે રતુમાં ઝાડને નવાં પાંદડાં, ફુલ, મોર વિગેરે આવે છે: તેથી ઘણું રળીઆમણું લાગે છે વળી લાઢ તાપ સમાંતર હોય છે વિગેરે કારણથી તે વખત વૈભવ ભોગવવાને અનુકુળ હોય છે.

આવ્યા વસંત ઋતુને શુભ મો'ર રાતા,
આવ્યાં સુપુષ્પ નવ રંગીત કામ વાસો,
આવ્યો ઋતુ પવન રીતથી ખુબ ખાસો. ૧
આવ્યા વિદેશ [1]ગમની પતિ પત્નિ પાસે,
આવી [2]સુભાગ્ય સતીઓ પતિને અવાસે;
આવી રહી નજીક દીનની માંહ્ય હોળી.
ખેલંતિ જોઇ સખીને દીલમાંહિ હોળી. ૨
આવ્યા પતિ અવર કાજ સંગી તોયે,
આવો ન આપ હજુ કેમ બહુ વાટ જોયે;
શાણા કરી સમય સાધન કામ ચાલે,
તેમાં પિયુજી પ્રીતિનું દુઃખ ખુબ સાલે. ૩
વામા વિપત્તિ પ્રીતિની કયાં જઇ કહે તે,
સંયોગ સુખ તણું થાયજ ભાન તે તે;
પ્રીતિ વિયોગ પડવાથી શું કષ્ટ થાએ,
તે મુજ મુખે થકી ના વરણી શકાએ. ૪
પ્યારા તમે પણ મને હતુ પાઠવ્યું તે,
તેથી અધીક તનમાં કરી ટાઢવ્યું તે;
કે'તા હતાજ મીન વારીની માંહ્ય જીવે,
પ્રીતિની કાજ જીવ દેજ પતંગ દીવે. ૫
પ્રીતિની કાજ જ [3]લક્કી પણ પ્રાણ ત્યાગે,

---

૧ ગમની=ગએલા. ૨ સુભાગ્ય=સારા નશીબવાળી, સંયોગી માટે સારા નશીબવાળી કહી ૩ લક્કી=એક જાતનાં ખબુતર એ જાત એવી હોયછે કે નરને માદા સાથેજ રહે છે તેમાંથી એક નાશ પામે છે, તો બીજુ ખાવા પીવાનું તજી દઇ પોતે પણ મરી જાયછે.

પ્રીતિની કાજ જ પત્નિ પતિ સાથ [1]લાગે;
પ્રીતિની કાજ ક્ષીણ લોક લજ્યા કરે છે.;
પ્રીતિની કાજ જીવ જોખમમાં ધરે છે. ૬

પ્રીતિની કાજ વનં વાસ, રૂડો ગણે છે,
પ્રીતિની કાજ નિદ્ય મુરખાં બને છે.
પ્રીતિની કાજ તજી રાજની મો'જં પોતે,
[2]પાંચાલી ચાલી વનમાં પતિ સાથ ખાંતે ૭

સીતા સતીની નથી વાત તે છાની પ્યારા,
વિચારી જોવું વિગેરે [3]રમણેય મા'રા.
જો સુખ દુઃખ સંવાદ પર દ્રષ્ટી થાશે,
તો હાસ્ય જેવી પૂરી વાત ખરી મનાશે ૮

છે પ્રેમ વૃક્ષ વણ [4]સીંચવે નાશ પામે,
તો જ્ઞાની પ્રાણી તણુ દુઃખ તે કેમ વામે.,
[5]ઇંદુપ્રકાશ વધતાં જયમ [6]પદ્મ છુપે,
શીવારી તેજ વધતાં થઇ તેહ રૂપે. ૯

નેત્રે થયો મદન આડ રૂપે મને તો,
દેખુ છુ ગામ ઘરમાંજ અને વને તો;
ખેદે પડેલ ખુબ પ્યારથી મેન પીડે,
જ્યાં જાઊ ત્યાં તરત તે મુજ સાથ હીંડે. ૧૦

વિરહાગ્નિ તાપ તપવે તન પુષ્પ મારૂ.
ખીલેલુ ખેતર સુકાય સ્વામી તમારૂ;
સૌભાગ્યવંતી તુ છુ સ્વામીથી લોક કે'છે,
જાણે ન ભાગ્ય હીણી કષ્ટ કેવાં સહેછે. ૧૧

---

૧ લાગે=મળે. ૨ પાંચાળી=દ્રૌપતી. ૩ રમણેય=ખેલાની જાણનાર. ૪ સીંચવે=પાણી રેડયા વગર, પાણીને અને વૃક્ષને પ્રીતિ છે તેથી પાંણી વગર વૃક્ષ અજ્ઞાની છે પણ સુકાઇ જાય છે. ૫ ઇંદુ=ચંદ્રમા. ૬ પદ્મ=કમળ.

શૃંગાર પ્રિય હિમ સાથ રત્નો જડેલા,
પ્યારાથી પણ, વણુ તે અળગા પડેલા.
દેખી બળે હૃદય માહરૂ હોળી જાણે,
પિડે વિયોગ બહુ વિધિથી એ પ્રમાણે. ૧૨
લાવે સખી શુ પુષ્પો મન શાન્તિ સારૂ,
સ્વામી શિવાય કદી પેરથી તે સ્વીકારૂ;
ફુલેલ તેલ નથી કેશ મધ્યે શીંચાતું,
તેથી ન શાન્તિ શીશ વ્યંક્ષણી જેવું થાતું. ૧૩
સાજ્ઞા શિવાય દુઃખ હા દુઃખ દુઃખ જાણું,
કસ્તુરી લેપ લુણ તે મરી હું પ્રમાણું.
વાયુ વહે શીતળ તો સહું ચેન ધારે,
સુહાગી તેજ પણ સર્પની હુંક મારે. ૧૪
વાંલી પિયેળ ટીલડી [1] નવ ભાલ ધારૂ,
તકતો કરે સ્પરસતાં મનમાં વિચારૂ;
આ વિશ્વમાં સરવ લોક ગણે છ રૂડુ,
તે તે બધુ થયુ મને દુઃખ દાઇ ભુંડુ. ૧૫
વિવિધ વસ્ત્ર [2] નવરંગ ઉમંગ આણી,
લાવેલ તે પ્રિય હવે પણ ધુળધાણી.
જાણું છુ ધર્મ સતીનો તન ના ધરાયે,
સુનાં નીહાળી સહુ તે મન હીજરાયે. ૧૬
આવો તમે સુખદ એક, અનેક નાસે,
દુઃખો તજી સુખ ધરી રહુ આપ પાસે,
ઝાઝા દીનોથી સૂતી સેતરંજે પડી છે,
વિનોદ વાત પર બેડી બહુધા જડી છે. ૧૭
ગોઠે નહીં તુમ વિના સ્થીર બેસવાનું,

---

૧ નવ=નહીં. ૨ નવ=જુદા જુદા નવા.

આવે ન નાથ તમ પાખી પાણી પીવાનું.
બેઠી છજે જઇ જરા સુખ શાન્તિ સાંવા,
લાગ્યાં પ્રિયા પતિ રમી તવ ખુશ થાવા. ૧૮
જોતાં જ કામ દુત્ત તે કરી ક્રોધ આવ્યા,
ભુલી હું ભાન તમ નામ શબ્દો ચલાવ્યા.
શુદ્ધિ થતાં સદનમાં જઇ જોઉં છું તો,
સર્વેય શુન્ય ભયભિત દેખુ છું હું તો. ૧૯

શાર્દૂળવિક્રિડીત્ છંદ.

સૂની ખાટ પલંગ મે'લજ સૂનો સૂનો સખી સાથને,
સૂના છે હીમ રત્ન ઘાટ હૃદયે સૂનું વળી આ તને;
સૂનો બાગ સૂની [1]વિભાવરી દીને સૂનું [2]રતી ભૂવને,
હા હા ફક્તજ એક એ પિયુ વિના સૂનું સૂનું સહુ મને. ૧

વસંત તિલકા.

ખીલોર ખાનું સુનું કાચ વિવિધ ઢાળ્યા,
તેએ સુના રજ ભર્યા દુખ દાઇ ભાળ્યા;
ચોપાટ જે ચતુર રોજ રમો ન ચૂકયા.
ઝિલ્લા સીતાર નથી કો દીન સ્વામી મૂકયા. ૧
બીજાં વિશેશ વળી સાધન શોખ સારૂં,
જે તે સહુ રઝળીતુંજ સુનું અકારૂં.
તેમાં વિશેષ વળી વાસ વસે [3]ઠગારો,
પામુ ન સુખ પકડેલ પલ્લોજ મા'રો. ૨
આનંદ દાયક પલંગ સુવા સુહાતા,
આનંદ તો નથી મને સ્વપનેય થાતા;
દેશે સમે સપન જાણી સુવા કરૂં છું.

---

૧ વિભાવરી=રાત. ૨ રતીભુવને=રંગમેહેલ.
૩ ઠગારો=કામદેવનું વિષેશણ.

પ્યારા શિવાય પગ ત્યાં મૂકતાં ડરૂ છું. ૩
નિશ્વાસ નાખી તજી આંશ ગઇ બગીચે,
દાસીની સાથ ઉભી ચંદન વૃક્ષ નિચે;
આવી અરિ પણુ વસ્યો મુજથી અગાડી,
સર્વ સ્થળે વશી રહયો કરી વસ્તી ખાડી. ૪
ચંપેર [1]લતા ચઢી વિટાઇ તહાં વધ્યો છે,
[2]પદ્મો જ છે [3]પય વિષે પણુ ત્યાં ધર્ષ્યા છે;
શોખીન સુખ કરતા ખુશઓ ન ભાવી,
કારીગરી ઘણી કરી પણુ ત્યાં ન ફાવી. ૫
ગુલાબ જાઈ જુઈ તે પણુ દાહ દાતા,
ખાસેજ [4] વૃંદ કદળી પણુ રોશ પાતા.
વિશેષ જાત તરૂ ફુલ ફળે ફળેલાં,
દીસે સમાન વિષ તે મદને મળેલાં. ૬
રૂડાં જળાશયં ભર્યા ઉદકે અતિશે,
ક્રીડા કરે જળ ચરો બહુ તેની વિષે;
છોડે અનેક વિધીથી બહુધા ફુવારા,
લાગે મને પણુ બધા વિષયો નકારા. ૭
હુંથી સુભાગ્ય સુખી છે. [5]તરૂ વાસી સ્વાગી
જોયાં કલોલ કરતાં નથી કાંઈ ખામી;
આથી થયો મન મને વિચાર એવો,
પ્યારાની સાથ પળવા કરૂં યોગ તેવો. ૮
આજ્ઞા નથી પતિની જાણી વિચાર ઢાળુ,
ઘેલી બની ગુણું નિધિ તમને હું ખોળુ;

૧ લતા=વેલ્લાઓ ૨ પદ્મો=કમળોં. ૩ પય પાણી (સરોવર)
૪ વૃંદ-વન.
૫ તરૂવાસી-ઝાડ ઉપર રહેનારાં પક્ષી.

દુખે ભરેલ દીન એ રીત અસ્ત પામ્યો;
આકાશમાં પુરણ ચંદ્ર પ્રકાશ પામ્યો. ૯
સીંચે ઘણી શીતળતા તદપી ન ફા૦યો,
ચિતા સમી રીત કરી બહુ તાપ લા૦યો.
જાણી, ચકોરી શશી સામુ નિહાળી બોલી,
મેં એ વિયોગ તજવા કહ્યું દીલ ખોલી ૧૦
છે દ્રષ્ટી તારી શશી સર્વ ભુમાં પ્રકાશી,
છે કાર્ય તાં'રૂ કરવાં ખુશી જે ઉદાશી;
માટે તુ કંથ મુજના પ્રતી એમ કે'જે,
તેડેજ હાલ તમને તમ પ્યારી તે જે. ૧૧
આપુ નીશાની મુજ નાથની ધ્યાન દેજે,
તેને જરૂર ઝટ આ મુજ કષ્ટ કે'જે;
જાતે વણીક કુળ વૈષ્ણુવ ધર્મ વાદી,
માને સમાન સહુ પંથ [1]સ્વયંભુ આદી ૧૨
[2]અદ્વૈત્ત મત્ત પર પ્રેમ વિશેશ રાખે,
નિત્યે સુધર્મ તણી પોથીથી સ્વાદ ચાખે,
વિદ્વાન તે ઘણું સ્વદેશનુ હીત ધારે,
તેથી [3]ધનાઢ્ય પરદેશ વીષે પધારે. ૧૩
રૂપે બીજા મદન પ્રાણથી મુજ પ્યારા,
ધર્મે યુધીષ્ટર સમા [4] મનવાશી મા'રા;
સાદાં ધરે શરીર વસ્ત્ર પિયુજી મારા,
તોયે સગુણી દીસતા તુ જેમ [5]તારા. ૧૪

---

૧ સ્વયંભુ-શ્રી માહાદેવજી. ૨ અદ્વૈત-વેદાંત. ૩ ધનાઢ્ય-પૈસાવાળા. ૪ મનવાસી-મનમાં રહેનાર. ૫ તારા—ચાંદરણીઓ, જેમ તારામાં તું ઉત્તમ દીપે છે તેમ ચંદ્ર પ્રતિવોકિત.

કે'તાં તને તરત ઉત્તર આપશે તે,
કે જે [૬]પ્રમાણુ મુજને પિયુ આવશે તે.
જોઇજ પ્રત્યુત્તરની મુખી રા' અતિશે,
આપે ન ઉત્તર શશી પણ તેની વિશે. ૧૫
ત્યારે મુંજાઇ મન તોય વિયોગ ઘેલી,
બોલી તુથા નમુ તને મુજ ચંદ્ર બેલી;
માનીશ [૭]પાડ બહુ પુજીશ પ્રેમ આણી, ૧૬
પાળેશ વૃત [૮]પુરણી તણું ગુણ જાણી.
જાણીશ તેં જીવીત આપ્યુ તું દેવ દેવા,
ઝાઝી વિધેથી હરનિશ કરીશ શેવા;
તોએ અનાથ ગણી મારૂ ન કામ કીધુ.
ને કામ પક્ષ કરી પોત પ્રકાશી દીધુ. ૧૭
નીશા કરી પ્રબળ શાન્ત વિયોગી વેરી,
આકાશ સ્વચ્છ શીતતા કરી ઝાઝી ઝેરી;
વ્યાકુળ દીલ કરી ચીત્ત ચીતા પ્રજાળી,
ત્યારે રીસે બળી ઝળી વદી ચક્ષુ ઢાળી. ૧૮
ઇંદુ હશે ઘટીત જાણી તને કીધેલો,
કે શાપ કોઇ સતીનો ક્ષયનો લીધેલો,
જો તુ સદાય પૂર અંગથી હોત તો તો,
મારી રીસેથી મુળ તાહરૂ તુજ ખોતો. ૧૯
આપુજ તોય પણ [૯]એક છત્રીની લાગે,

---

૬ પ્રમાણુ–માપ, વખત. ૭ પાડ–ઉપકાર. ૮ પુરણી=પુનમ.

૯ એક છત્રી=સતાવી સતાવી નક્ષત્ર જેને ચંદ્રમાની સ્ત્રીઓ કેહેવામાં આવે છે. પોતે વિયોગ દુઃખને અનુભવે છે માટે તે સર્વની મોહોટું કષ્ટ છે એમ સમજીને નક્ષત્ર જે ચંદ્રની સ્ત્રીઓ તેની તરફનો વિચાર કરીને ચંદ્રને શાપ દેતી નથી.

મારી બીમારી તણી તેથી તુ ભાગ્ય જાગે,
જાં જા જતો કર તને પણ કીમ તેથી,
જાણી ઘણું દુઃખી થશે રીરૂડી જેથી. ૨૦
હે જન્મદાયક તને નમું જોડી પાણી,
સુણુ અય સ્વામી મુખની તુજ, જુજ વાણી.
છોડી પછી નહીં મૂકું ક્ષણ વાર વીલા,
તું તો દયા નિધિ છુ આ બધી તાહરી લીલા. ૨૧
આ [1]આર્યવાસી જન સુખની પ્રાપ્તી સારૂ,
ત્યા'રે હશે ચિત્ત અચેત હું એમ ધારૂં.
તેથીજ વ્યાસ મુનીને અતી ગ્નાન [2]વેત્તા,
રૂપા ઘણા અચળ ગ્નાનનું દાન દેતા. ૨૨
તેવા જ યુદ્ધ કરવે પણ યોદ્ધ પૂરા,
શ્રીરામ પાંડુ સુતકૃષ્ણ સીવાજી સુરા,
ઉજેણી વાશી દુઃખ ભંજન પદ્ધિ ધારી,
શાલી જગે શક કીધો શકનો શીકારી. ૨૩
એવાં અનેક રત્નો ભુમી ભર્ત વિષે,
દેતો દયાથી તુજ આપ છ એમ દીસે:
તો હુંય [3]આર્ય ભુમીમાં વસનારી નારી,

---

૧ આર્યવાસી=ભરતખંડમાં રેહે છે. ૨ વેત્તા=જાણવા વાળા. ૩ આર્યભુમીમાં વસનારી વિગેરે=હીંદુસ્તાનના આર્યો ઉપર તારી ઘણી દયા છે તેની સાબીતી કે, જેમાં કંઇપણ ખામી રહે નહીં એવા ગ્નાની ધાર્મીક શોધકો આજ ભુમીમાં અનાદીથી છે અને જ્યારે જ્યારે આ દેશને માથે વિપત્તિ આવી છે અને આર્યોએ દુઃખનો પોકાર કર્યો છે ત્યારે ત્યારે તેમના કષ્ટ નિવારણાર્થે માહાત્માઓના જન્મ થયો છે એવી રીતે તેં ભર્તવાશીની સંભાળ રાખેલીછે મારે મારી સંભાળ લેવી જોઇએ.

તેથી તને ફરજ લેવી મને ઉગારી. ૨૪
જો જો વલ્લભ તુજ મુજ કર્ણી ન જોતો,
સંયોગ દ્દીન ક્ષણ જાણી પરમાર્થ દેતો;
શ્રદ્ધાથી જે ચર્ચિક દેવ પ્રતક્ષ મારા,
આ લોક લોક પરમાં પણ એજ ધારા. ૨૫
તેને તજી અવર જાચી વળે શું એથી,
ઝાઝી ઉપાધી વધી સ્વામી વીમાસુ તેથી.
[1]દોષઘ્ન [2]દુ:ખજ્ઞ નથી જરતીજ ખામી,
હું તો તમો નશીબથી છુ સર્વેય પામી. ૨૬
તોયે કદાપી જર લોભથી જોઇશું તો,
પેરે પિતાજીની પિયેરથી લાવીશું તો;
વાસો અઘોર વન સદા વસતાં ન જાણું,
તેથી વિયોગ દુખી કોટી ઘણું પ્રમાણું. ૨૭
વીણી વીણી વન ફળો પતિ સાથ ખાતાં,
વસ્ત્રો વનાં વન જનો મદમસ્ત થાતાં;
સંયોગમાં રહ્યું બધું સુખ સાબીતી એ,
ઇચ્છા ન વૈભવ તણી કરૂં કો [3]મીતીએ. ૨૮
ઉંચી હવેલી વસવા નહીં માગુ સ્વામી,
વસતાં વને તરૂ તળે નહિ આપુ ખામી;
[4]વેણુ વિષે [5]સયન સુખથી ઉંઘ આવે,
વ્યાઘ્રો પુકાર પણ તે રજ ના સતાવે. ૨૯
શીરોમણી સયનની સુખ સેજ સારી,
સ્વામી વિના સદન તે સહુ ભીતીકારી;
દેવો છતો અબળા પર [6] છેહ જ્યારે,

---

૧ દોષઘ્ન=દોશને ભૂલી જનાર (માફ કરનાર) ૨ દુખજ્ઞ-દુખને જાણનાર. ૩ મીતી-દીવસ. ૪ વેણુ=વૈણી. ૫ સયન-સુવું ૬ છેહ-દગો.

પ્રેમે શુ કામ ચઢવી [1]તરૂણીજ ત્યારે, ૩૦
[2]ભુદેવની થઇ સરસ્વતીને તજેથી,
ક્ષત્રીની સંપને શૌર્ય તજતાં મજેથી.
તે એ તણી દિન દશાથી ભુ આર્ય જેવી,
સ્વામી તમે તજી મને કરી હાલ તેવી. ૩૧
વ્હાલાં સગાં સરવ આપનું શ્રેય ઇચ્છે,
નારી બિચારી તણું દુઃખ ન કોઇ પ્રિચ્છે.
લોભે [3]કીશોરી વીતતાંજ વિદેશ દીધો,
થાશે શુ પાછી પીયુ તે નં વિચાર કીધો, ૩૨
આશા ધરી [4]વ્યતીત દીન કીધા અતિશે,
હાવે મને મરણ માહરૂ પાસ દીસે.
સ્વામી સુકાઇ ગયું [5]શોણીત [6]ગાત્ર ગાઢાં,
નેત્રોનું તેજ ગયું ભાન વિબુદ્ધિ નાઠાં. ૩૩
આ વ્યાધી તે ન [7]ધનવંતરી વૈદ્ય [8]સાધે,

---

૧ તરૂણી=જુવાન સ્ત્રી. ૨ ભુદેવ=બ્રહ્મણ (વિદ્યાને તજી દેવાથી બ્રહ્મણો મોટા મોટા રાજાઓ ઉપર પણ પોતે સત્તા ચલાવી શકતા તે સારી દશાનો નાશ થઇ ભીખારી થઇ ઘેર ઘેર અથડાવા લાગ્યા. અને કુસંપીને સુર વગરના થવાથી રાજબીજ જે ક્ષત્રીઓ તે પરાધીનપણે ગરીબાઇથી ઓશીઆળો અવતાર ગુજારવા લાગ્યા. આ બે વર્ણની ખરાબ દશા થવાથી આખા ભરતખંડની અવસ્થા નિસ્તેજને નીરમાલ્ય થઇ ગઈ છે તેમ તમે જવાથી મારી દશા પણ થઇ છે. ૩ કીશોરી=બાળવય પછીનો ને યુવાવય વચેનો વખત. ૪ વ્યતીત=ગુજાર્યું ૫ શોણીત લોહી. ૬ ગાત્ર=અવયવ. ૭ ધનવંતરી=દેવતાઓનો વૈદ્ય. ૮ સાધે=મટાડે.

દીને દીને ઘણુ ઘણું બળ તેનું વાધે:
જો શ્રેષ્ટ વૈધ્ય રૂપ નાથ સંમક્ષ આવે,
તો શ્વાન જાય સીંહ દેખી ત્યમ રોગ જાશે. ૩૪
મા'રાથી ક્યાં સુધી હવે દુઃખ આ સહાશે,
વિશેશ જોર વરશા રૂતુ માંહી થાશે.
ભુમી થશે બધી લીલી લીલી કામ કારી,
આજે ઘણો ધન વિયોગીણીને વિકારી. ૩૫
૯આડંબરે કરી મધુ મહું મેઘ થાશે,
અગ્નિ સગી ૧૦તડીત જ્યાં ભયભીત ભાસે.
૧૧દાદુર, ચાતક, મયુર પુકાર દેશે.
મ્હા કોપ કામ અબળા કઈ પેર સે'શે. ૩૬
જોતાં પ્રીયુજી મુખ દુઃખનું મુળ જાશે,
આવો ૧ત્વરાથી નીજ મંદીર તો જીવાશે.
જો૨ જાણતી પ્રથમ હોત થવાનું આવું,
તો રોકવા કરત યત્ન તજી હું ખાવું. ૩૭
જાતી કરી સરવ લાજ૩ અશ્રુની રેલે,
ને ગ્રાહી વસ્ત્ર કર રોકતી રે'તી ૪બેલે.
પાયે પડી પડી વળી વિનવી વિશેશે,
દ્વારે કરો દઇ ન દેત જવા પ્રદેશે. ૩૮

---

૯ આડંબર=ઠાઠ માઠ ૧૦ તડીત=વીજળી. ૧૧ દાદુર=દેડકા.
૧ ત્વર=ઉતાવળ=૨ જો જાણતી. જો પ્રથમથી આવું દુઃખ પડવાની ખબર હોત તો હું રીસાઇને ખાત નહીં, વડીલોની લાજ મૂકીને રોઇને, પહેરેલા કપડાંને ઝાલીને, પગે લાગી લાગીને, અને બારણે આડા હાથ દઇને વિગેરે પ્રયત્ન કરીને જવા દેત નહીં. ૩ અશ્રુની રેલે=ઘણુંજ રડતું. ૪બેલે=જોડે.

સંતોશી વિના મેળવ્યું કોઇ શું કાળ કુંકય..
[5]જ્ઞાતા થઇ કયમ તમે પ્રીત રીત ચુકયા.
શું કોઇ નારી મળી લંપટ કુળ બોળુ,
રોકી હું નાથ કયમ રાંડ મને તું રોળુ. ૩૯
રે રામ રામ શીર રૂપ [6]નહોશી સ્વામી,
દયો માફ઼ ઘેલપણુથી કીધી મેં ટી ખામી,
હું તો હવે ભુલી છું ભાન સમુળુ માટે
શેકું લખાણું કરવું રહું જાણી ઘાટે. ૪૦
થોડું લખ્યું ઘણું કરી ગણશો ગુણાળા
દેશો ક્ષમા હણી ચુકો મુજને દયાળા,
ઇચ્છું વિશેશ મુજ તુલ્યજ કામ દેશો.
રીતી વિરૂદ્ધ કરતાં કર ત્યાગ કેહેશો, ૪૧
વિશેશમાં લખું વળી વળી વાત મુદે.
આવો [7]સમક્ષ જલદી વસનાર રૂદે.
ઝ્હોળા કરી કરી વિચારજ આશ ધારી,
જાતા નથી ઝુરી ઝુરી દીન દુઃખકારી, ૪૨
દાશીની દાદ સુણતાં ઝટ ઘેર આવો,
નિહાળી નાથ પામું અભય દાન લ્હાવો.
એ અંત્ય વીનતી નમી નમીને ભણું છું
આવ્યાની વાટ નિરખી દીવસો ગણું છું. ૪૩
પતિ પિડાય રીત તે પતિ પિડ જાણો,
જાણું નહિં મદન દુઃખ દેત રાણો,

---

૫ જ્ઞાતા=જાણનારા. ૬ નિર્દોશી=કસુર જેની નથી એવા, સ્વામીને જે કહે છે તે સ્ત્રી આઘટીત છે એવા શબ્દ વિયોગના ઘેલપણામાં કહી જવાથી આ ચરણમાં પસ્તાવો કરે છે.

૭ સમક્ષ=રૂબરૂ.

આ પિડ રીતી વૃતીશિખળી તેજ જાણે,
જેના ગુણો ગુણી જનો જંગમાં પ્રમાણે. ૪૪
ધીકાર ધીક ધીક ધીક અધીક કે'ને
ચાખ્યોન પ્યાર રસજોબન માંહી તેને.
પ્રેમે હળી મળી ન [1]જુગલ મોજ માણે,
એળે [2]અમુલ્ય અવતાર ખુવે સુ ટાણે ૪૫
તાત્પર્ય જન્મ તણું સર્વથી શ્રેષ્ટ એ છે
તેમાં પડેલુ પરમેશ્વર પ્રિતી કે'છે.
બીજુ [3]પ્રધાન રૂપ પત્નિ ગુણી ગણે છે,
સંસાર સાર મુળ શ્રેષ્ટ સતીને ભણે છે. ૪૬
જાણે વિશેશગુ વિહારી અપાર જે તે,
વેઠે વિયોગ પિડ આ સમયે શું તેતે.
ચોટયું હતુ જ ચિત્ત તો ચતુરાની વિશે,
જેથી જતા નીજ પુરે અતિ તર્ક દીસે. ૪૭

---

૧ જુગલ=જોડું. ૨ એળે=અમુલ્ય મનુષ્યનો અવતાર લખ ચોરાશીમાં એકજ આવે છે એવો અપાર કષ્ટે મળેલો જન્મ કંકાશ ને કુસંપ કરી સ્ત્રી પુરૂષ વ્યર્થ કરે એથી બીજુ શું ખોટું? માટે સંપ સંપીને પરમેશ્વર પર પ્રિતી રાખીને ધર્માનુસારે વર્તવાથી જોડું વંશના વધારા સાથે સંસાર તરી જાય છે તે માટે સર્વેએ પ્રેમના લોભી થવું જોઇએ. પણ પ્રેમમાં અધર્મને પેસવા દેવો ન જોઇએ.

૩ પ્રધાન=સ્ત્રી એ વરના પ્રધાન રૂપે છે, સંસારના દરેક કામમાં તેની સાહ્યતા હોય છે. તેથી જો તે સારા સ્વભાવનીને ધર્મપર આસ્તાવાળી હોય તો સ્વામીને દરેક કાર્યમાં સરળતા કરી આપે છે અને પતિને અનુકુળ થઇ ઉમંગમાં વધારો કરે છે.

તેવે વિયોગી સખીનો દુઃખી પત્ર આવ્યો,
તે રેલ પૂર પરીતાપની દીલ લાવ્યો.
વ્હાલી વિયોગની વાત હૃદયે વશીરૈ,
બીજે બધેથી શુધ સાન તેની ખશી ગૈ. ૪૮
વિતર્ક તર્ક વિપ્રીત મન માંહ્ય ઉઠયા.
જાણે નવે [૨]ગ્રહ હવે વળી વક્ર રૂઠયા.
વિયોગ દુઃખ [૩]સઘળાં સ્વ દ્રષ્ટી આંવ્યાં,
વિહાગ્નિ દુત્ત તણી ઓથ તે સાથ લાવ્યાં. ૪૯
પ્યારી વિયોગ દુઃખમાં અતિશે મુઝાયો,
[૩]કંદર્પ બાણ થકી તેહ ઘણો ઘવાયો.
ના કોઈ વાત રૂચી શાન્ત થવા ન ફાવ્યો,
અંતે ધનાઢય નર નેત્રથી નીર લાવ્યો. ૫૦
વિયોગ વાત તજવા બહુ તર્ક કીધા,
મિથ્યા થયા સરવ જે ઉપચાર લીધા.
જાતુ રહે સમુળુ સુમનું દ્રવ્ય તો તે,
જાતુ રહે ભુપ તણુ કદી રાજ્ય તો એ ૫૧
જાએ કદાપી ધની વંશ સુપુત્ર જાતાં,
જાયે કદાપી ભવ વ્યર્થ જન અંધ થાતાં;
જાયે કદાપી સહુ શેઠનું હોય [૧]ભાવી,
તોયે ન થાય ઘણી તેથી ઉદાશી આવી. ૫૨
એ ભાન માફક બની ધરીશોક બેઠો,

---

૨ ગ્રહ=૧ સુર્ય, ૨ ચંદ્ર, ૩ મંગલ, ૪ બુધ, ૫ ગુરૂ, ૬ શુક્ર, શની, ૮ રાહુ, કેતુ એ ગ્રહો સારા સ્થાનમાં હોય છે તો સુખી કરે છે ને અવળા સ્થાનમાં હોય છે ત્યારે દુઃખી કરે છે—૩ કંદર્પ=કામદેવ.

ભાવી=થનીર.

ઉદ્વેગ દીલ દમવા મન માંહી પેઠો;
આવ્યો સુમિત્ર મળવા તવ સેજ ત્યાંતે,
દેખી દુઃખી, દુઃખી બની કરી વાત પોતે. ૫૩
માનુની મિત્ર તણી [2]ચિકિત્સા સંકટે છે,
માટે પ્રયાસ કરવો મુજને ઘટે છે.
છે બુદ્ધિવંત વિવેકી વળી મિત્ર પોતે,
પૂછે સ્વધર્મ સમજી હરૂ દુખ ખાંતે. ૫૪
ઉદાશી કેમ શુભ ઇચ્છક આજ આવી,
સાચુ કહો મુજ કને દીલે હર્ષ લાવી.
વ્યાપાર માત્ર ફરવાથી શું ખોટ આવી,
કે કોઇ વેરીથી ઉપાધી વધી શું આવી? ૫૫
તો તો બીજું ભુપ સમાપર બાથ ભારી,
કો તેની જઇ કરૂ ત્વરાથી ખરી ખવારી;
બીજાની પાસ દુઃખો દુઃખની વાત કે છે.
તો શાન્તિ સેજ પણ તે જીવને રહે છે. ૫૬
માને શુ પિંડ પ્રસુતાની વંઝા કહાતે,
જાણે શુ વાક્ય શુકનાં નદી કાગ પોતે;
જેણે નહી જનમીને રસ પ્રેમ ચાખ્યો,
તેને મને પશુ કને જામ વેદ ભાખ્યો. ૫૭
આ દુ;ખ મારૂ મુજને અતિ છે વિકારી,
વિચાર હીણુ જનને મન હાસ્ય કરી;
માટે મુઝાઈ મન રે'વુ ભલુ વિચારી.
ના વાત કાંઇ વણીકે વળતી ઉચારી, ૫૮

૨ ચિકિત્સા–પરિક્ષા, સ્ત્રીને મીત્રની પરીક્ષા સંકટ વખતે થાય છે ને આ મારો મિત્ર સંકટમાં હોય એમ જણાયછે. તેથી તેને પુછી વાકેફ થઇ મદદ કરવી એ મારી ફરજ છે.

કીધો ઘણોજ વળુ આગ્રહ મીત્ર શાણે,
રાખી અજાણ મુજને પરિતાપ આણે;
આવાં કઠીન વચનો સુણી સોબતીનાં,
વિચારી કષ્ટ વદીયો વિરહી સતીનાં. ૫૯
છે શાન્ત ગંભીર ઉદાર બુદ્ધિ તમા'રી;
લજ્જા તજી કહું તને ખરી વાત મારી.
પ્રેમી દયાળી [1]મુગ્ધા વયમાં રૂપાળી,
એવી નથી અવર આ ભવમાં નિહાળી. ૬૦
તેને સ્વપુર મૂકી સ્નેહી હું દુર આવ્યો,
ત્યાંથી સુલક્ષણી તણો દુઃખી પત્ર આવ્યો;
વ્હાલી વિયોગ તણી દાદ ઘણી લખે છે,
તે પ્રાણ હાણુ થઈ બાણ મને દુખે છે. ૬૧
જો જો તુ રીતી લખવાની વિચારી એની
આવે દયાજ ઘણી વાંચી [1]વિજ્ઞપ્તી તેની.
વાચા શી શુદ્ધ ઉપમા અલંકાર સાથે
[2]મુક્તા સમા ક્ષર લખ્યા [3]પદ્મસ્ય હાથે. ૬૨
[4]શા બોલ [5]મોહી રસીલા દિન માન્યકારી,
શીવાવરી મતી અતી સતીએ વીચારી.
શુ પ્યારી પ્રેમ મુજ સાથ ધરી રહી છે,
લક્ષ્મીની મૃગ તણી લેખવી શી કહી છે. ૬૩

---

૧ મુગ્ધા—જુવાનીની શરૂઆત.

૧વિજ્ઞપ્તી=વીનંતી—૨ મુકતા મોતી,=૩પદ્મસ્ય=કમળના જેવા કોમળ ને શીતળ. ૪ બોલ=શબ્દ, ૫ મોહી=રશીલા, દિન, ને માન્યકારી (મોહી=પ્યારે ઉપજે તેવા, રશીલા =સાંભળવાને અપેક્ષા થાય તેવા, દિન=નમ્રતા ભરેલા,માન્યકારી=પ્રતિતાને પ્રેમ પ્રાપ્ત કરે તેવા) ૫ લક્ષ્મી—નામનાં બુતરને મુગએઓમાંના સઘળાં સજોડમાંજ રહે છે.

એ પ્રાણીને પડી જુદાં ગળવા ફરીને
જો હોત આશ મરતે ન ઝુરી ઝુરીને.
સંયોગી સત્ય થયું છે દીન એમ જાણી
તેણે પ્રમાણ મુક્યું જો પણ અંત આણી ૬૪
કો' કેમ ઇશ પછી પ્રેમ ન તેનું ઇચ્છે,
બુદ્ધિ હીણાય પતિ તે પણ પ્રેમ પ્રિચ્છે.
ચાપલ્યતા ચતુરતા મતિ શુદ્ધ સાથે,
છે ૬ સ્મિત મુખરૂપને ગુણ સર્વ વાતે, ૬૫
પ્રેમે દશા પુરણ આ કરી તેથી દીધી,
લાયક જાણી તુજને છુપીવાત કીધી.
ત્યારે વિયોગી પ્રતી વાત સનેહી બોલ્યો.
ન્યારી ચરિત્ર નથી મીત્ર તેં ગ્રંથ ખોલ્યો. ૬૬
વિચારી જો ભરથરી તણી રાણી કે'વી,
*થેલાની રાણી રહી મ્લેચ્છની જાત શેવી.
ના ના ન મીત નહીં નીચનું નામ લેવું,
સાવીત્રી વૈદર્ભી આદી દૃષ્ટાંત દેવું. ૬૭
થાશે ન એવી વિધિથી ચિત્ત શાન્ત મા'રૂ
હું તો સ્વપુર પળતા પળમાં વિચારૂ.
પતિ વિતાંધ સુત શાહ તણો નિહાળી,
ભુલાવવા ચિત્તથી તે કહ્યું સામુ ભાળી. ૬૮
નારી વિયોગથી શું આવી ઉદાશી આવી,
આપુ ગુણે ઘણી રૂપે રૂડી એવી લાવી;
પ્રીતેથી પ્રેમ અધિકો પણ એ ધરાવે,
તેનો પીતા ખુશીથી આપ પ્રતિ વસાવે. ૬૯
જોને શ્રી સાહ્ય નુતાતા શીઘ્ર તેજ જાણે,
શાને સહેજ અર્થે પરિતાપ આણે;

થેલા=ફર્ણુવેલો ૬ સ્મિત=મલકવું.

શું ²નર્કદ્વાર પર મોહીત મીત્ર થાઓ,
નારી ચરીત્ર જધું વિસરી શું ભુલાઓ. ૭૦
નારી ચરીત્ર ન... એ સતી સત્ય જાણું,
વિના અનુભવી ... આપની આપ તાણું;
પામુ ન પાર ... ગુણ શાણી ના જે,
થોડા ઘણા કહું તને ચિત્ત ધાર આજે. ૭૧
મ્હારાથી પેહલી ... ઠી પ્રાતસ કાળ પોતે,
શુદ્ધિ કરી મુખ ... તણી કરી સ્નાન ખાંતે;
શૃંગાર ધારી ટીલડી ધરીને કપાળે,
સોતાર સાથ સ્વર સાંપતી સામુ ભાળે. ૭૨

ઝૂલણા છંદ.

જોડી દ્વિ હાથને નાથની પાસથી માફ માગી વંદે દિનદાસી;
આપ આરોગતા માટ રસો ઉગીયો ઉઠો મમ ઇશ્વર હૃદય વાસી.
દંત ધાવન તણો સાજ ઉષ્ણોદક સ્નાન માટે વળી તેલ અરીઆં.
પ્રાત શેવા તણો કાળ સ્વામી થયો સેવાતાં સાહીત્ય સજ કરીઆં.

વસંત તિલકા.

નિદ્રાં તજી સયન મ્હેલ તજતાં પહેલી,
ચાલી ત્વરાથી પય તે મુજ પાસ મેલી.
શુદ્ધિ કરી મળ થકી તત્ર આવી દારા,
કીધા જ શુદ્ધ જળથી પદ હસ્ત મ્હારા. ૧
ને ¹કાષ્ટ વારી ધરી સુંદરી મધ્ય ચાલી,

---

૨ નર્કદ્વાર=નર્કકુંડનું બારણું. ખરાબ સ્વભાવની ને કુછંદી સ્ત્રીઓ વિના કારણે સ્વભાવને અનુસરીને નીચની ખોટી સલાહે કરીને પોતા પતિને અનેક પ્રકારની પીડમાં નાખી સત્ય કર્મ કરવાનો અને સંતોષી થવાનો વખત મળવા દેતી નથી માટે તેવી સ્ત્રીઓને નર્કદ્વાર કહેલી છે.

૧ કાષ્ટ=દાતણ.

લાગે મનોહર ઘણી ગજ ચાલ વ્હાલી;
લટકે લેહર મન મોહનની કેરી આવે,
જોતાં જરા મલપતુ મુખ પ્યાર ભાવે. ૨
ત્યાંથી કરી મુખ તણી સુચી ર[illegible] [illegible] સારૂ,
જાતાં સતી ઉભી હતી લેઇ વસ્ત્ર મ્હારૂ;
તેણે કરી શ્રદન સ્નાન કરાવી ચો[illegible];
આપી પવિત્ર [1]પટ ચાલી પ્રતાપ[illegible] ભોળી. ૩
ધારી શુ વસ્ત્ર શરીરે શિવ પૂજ[illegible]
ને ધ્યાન દાન કરમોથી મુક્તિ થાતાને.
માટે જતાં; મુજ અગાઉથી શુદ્ધ વારી. ૪
બિલ્વાદી પત્ર શુભ ચંદન ધુપ ધારી.
પુષ્પાદી જે સરવ સાધન તે સંગારી,
પૂજા સ્થળે મુકી જતી હતી પ્રાણ પ્યારી,
પૂજાથી જ્યાં સુધી ન નિવૃત મીત્ર થાતો,
વ્હાલી તણો વખત પાક પકવથી જાતો. ૫
પૂજાદી નિત્ય કરમોથી નિવૃતી પામી.
બેઠો હું; આવી તવ આપ ધર્માર્થ સામી.
ગાવા કરૂ શું ગુણીએલ કેરા ગુણો તે,
ચાલે ન બુદ્ધિ, મ સેં'જ [2]સખા સુણોને. ૬
છે સ્વચ્છ સ્નાન કરવે વપુ વામનીનું.
છે ગૌર્ય અંગ વ્રત કુળથી કામનીનું.
છે તેજ દાન વળી ધર્મ કર્મ કરીને,
છે બુદ્ધિ શુદ્ધ વૃદ્ધ આશીષથી કરીને. ૭
છે પૂર્વ કર્મ થકી ચંચળતા [3]મૃદુતા.
છે શુદ્ધ સત્ય થકી ગંભીરતા [4]પહુતા.
તે નારી વારી ફૂલહાર ગ્રહેલી ભાવી
જોડી દ્વિ હાથ, સ્મીત હાસ્યથી પ્રેમ લાવી ૮

---

૧ પટ=કપડું ૨ સખા=મીત્ર-૩ મૃદુતા=કોમળતા.
૪ પહુતા=શાન્તિ.

ઓની પિયુજી નિત દાસી ઇચ્છે ક્ષમધ્યો,
દયો પાય મૂક્યાં વળી શીખ સુઓધમાં દયો.
મારો પખાળ્યું પગ પૂજન મારૂં કીધું,
પુષ્પે વધાવી નમી શીશ હું પાય દીધું, ૯
આજ્ઞા કૃપા નિત કરો વદી દીસ ચાર
તૈયાર પાક કીધો છે શુધ્ધ આપ સારૂં.
રંભા સદાય તું આવુંજ આચરે છે
સેવા સંપૂર્ણ વ્હાલોં તણી તે કરે છે. ૧૦
એ તે રમાની સતી સુંદરી કેરી કાન્તિ
દેવી સમાન દીસતી દઇ શાન્તિ શાન્તિ.
એ [1]દૈવી શુભ શણગાર [2]સલુણી ધારે
શોભા શકે ન વર્ણી કવી કાળી ત્યારે. ૧૧
તેના પ્રભાવ બળથી યમરાય હારે,
દાશીત્વ તેનું કરવા કમળા વિચારે.
રૂડાં વળી અવયવો પણ સર્વ તેવા,
બ્રહ્માજીએ રચીત ભાગ્ય પ્રમાણી દેવા. ૧૨
[3]વેણી વિશાળ ફણી નાગની એની જાણું.
બાંધેલું રત્ન શીરમાં મણી એ પ્રમાણું.
મુક્તાથી મુખ ખુબ શ્વેત શશી શું શોભે.
જોતાં તુટે તપસીનું તપ મોહ લોભે, ૧૩
તારા બ્રહસ્પતી સમી ટીલડી ધરેલુ,
છે અર્ધ ચંદ્ર સામુ ભાલ ભગ્યે ભરેલું.
ખેંચ્યા ધનુષ્ય સમી વક્ર [4]ભ્રગુટી ભાસે.
[5]નિમિષ મૃગ નયનીની તીર તે ગવાશે. ૧૪

---

૧ દૈવી=શુભકર્મરૂપી. ૨ સલુણી=વ્હાલામાં વ્હાલી ૩. વેણી=ગુંથેલો ચોટલો. ૪ ભ્રગુટી=વાંકી વાંકી અણીદાર આંખની ભમરો. ૫ નિમીષ=ધનુશમાંથી છુટતાં તીરની માફક થતા પલકારા.

બાણાવળી, [1]મદન ત્યાં મદ ધરી રેતું છે.
ગર્વીષ્ટ યોધ્ધ પણ તે કબજે કરે છે,
જેના ગુલાબ રંગ ગાલ વર્ણ્યા ન જાય, ૧૫
વાડી સમાન મુખ કાન્તિ સદા સુહાય.
ત્યારે હું તેવી ગજ ગામની કેમ ત્યાગું?
આપો રજા પુર જવા ઝટ મીત્ર માગું;
દેખીશ ચંદ્ર વદની જઈ ત્યાં જ્યારે, ૧૬
ત્યારે અહર્નિશ ફરવા તણી [2]આંટી મટે.
આવું કઠીન વૃત સુણીજ મીત્રનાથી,
લેવુંજ દેવું ચુકવ્યું પણ તે ત્વરાથી.
પાકી રહેલ જુજમાલ દલાલ સ્થાપી, ૧૭
વેચી હીસાબ કરી શીલક સાંપી આપી.
તૈયારી કીધી [3]કુચની ભરી જહાજ જ્યારે
વાયુ વહયો વીવળતાથી વિશેષ ત્યારે,
જેથી સમુદ્ર પણ ક્રોધ કરી પ્રકોપ્યો. ૧૮
ગંભીરતા પછીથી આપની આપ લોપ્યો.
[4]નૌકા અનેક પળમાં કરી ઉંધી નાંખી,
આજ્ઞા દીધી ઈશ તણી પણ તે ન રાખી,
આવે શમે સલુણીનું મુખ નિર્ખવાને ૧૯
આવ્યા સમુદ્ર ત્રઠ શેઠ પુરે જવાને.
નિહાળી આ પ્રબળ યોગ વણીક કેરો,
બોલ્યો સુરંગી આ શાન્તિ સુધી આપ ડેરો;
માન્યુ ન તોય સુલશા લઇ મીત્ર સાથે,
નૌકે ચઢયો કઠણ કાળ હતોજ માથે. ૨૦

---

૧ મદન=કામદેવ, ૨ આંટી આંખડી—૩ કુચ=મુસા-
ફરી ૪ નૌકા=વાહાણ,

[1]ડોલે કર્યા શઢ ...ડા કશી દોર બાંધી.
સુકાનીએ ધરી ... ન જ દીશ સાધી,
આવ્યુ અતાગ ... ળ ઉપર જહાજ જ્યારે,
લેવા વિચાર્યું ... પણું વેર ત્યારે. ૨૧
છોડી દીધા શઢ ઉપાય અનેક કીધા.
તોફાની સાગર ... ષે ફળ ભોગ દીધા;
શાન્તિ ન તોય ... સરી ... વ્હાણુ વાસી,
બોલ્યા જઇ વ...ક પાસ ...ની ઉદાસી. ૨૨
આપે કર્યા ઊ... ભોગ હઠે કરીને,
જાશો હવે ક... તમે ... આ ત...
મીત્રે કહ્યું ત... ને મળવું શી રીતે,
માંડ્યું હશે ...ણુ સર્વનું આ નીમતે. ૨૩
ત્યારે વિચારી વણીકે કહ્યું ધીર ધારો,
ભાવીક સે'જ નથી થાતુ મિથ્યા વિચારો;
તોયે [2]ભવાબ્ધિ તરવા તણું નાવ જેને,
દીધુ હશે પુરી દયા કરી દૈવ તેને. ૨૪
ડુબાડશે શુ જળમાં નથીએ થવાનું
આ જહાજ તો પલકમાં પુરમાં જવાનુ;
ડુબી મરે અહીંજ તો શીદ સત્ય પાળે.
કોટીક કામ કીધ છે દિનના દયાળે. ૨૫
ના હોય ન્યાય પછી તો પ્રભુ કોણ માને,

---

૧ ડોલ=કુવો, શઢ બાંધવાનો થાંભલો. ૨ ભવાબ્ધિ સંસાર રૂપી દરીઓ (સગુણી કુળવાન સ્ત્રીઓ સ્વામીના સ્વભાવને ઓળખી તેને સર્વ વાતે સંતોશ બતાવી આનંદમાં રાખી ઇજ્જત આબરૂની સંભાળ રાખી, સર્વ કુટુંબીઓને પણ સુખ રૂપ થઇ પોતાના પતીવ્રતના બળે કરીને સંસાર રૂપી સમુદ્રને તરવાને ...નાર વ્હાણુરૂપીછે).

ના હોત ધર્મ મન ધારત કોણ [illegible]
ઉચ્ચારી એવું મુખથી [1]મુદ્રા ફરે [illegible]
નિતિ પ્રભાવથી ઇંદ્ર રૂપ તે ધરાવે [illegible] ૨૫
બોલ્યો તુ વાયુ મુજને દમવા ચ[illegible]
ત્હારો બલેધો દુ:ખદા રૂપમાં વહે [illegible]
માટે તને કહુ છુ મુજ બળ સત્ય [illegible]થી,
જા વહે તુ મુજ પુર દીશ શાન્તિ[illegible]થી. ૨૭
આપીશ શાપ નહીં તો [illegible] વેણ [illegible]ું.
[illegible] વારથી જ કીધુ ઉત્તર દીશ વહેવું,
વહે વાયુ તદ હજુ એ દીશમાં વધારે,
છે પેઠી દીલ [illegible]ત પારાનો બીક [illegible] ૨૮
આવુ નીતિ વ્રત તણું બળ જોયુ જ્યારે,
બીત્રે વર્યું તરત તે [2]પણ ત્યાંથી ત્યાર.
આ[illegible] પછી દધિ તરી નિર વિઘ્ન પુરે,
વિયોગીણી પતિ પતિ કરી જ્યાંહી ઝુરે. ૨૯
માતા પિતા પ્રતી મળી પછીથી વિવેકે,
વિયોગ કષ્ટ તજીયા મળી એક મેકે:
ત્યાં પ્રેમ દેવ રૂપ ધારી પ્રતક્ષ આવી,
આપ્યુ મહાન વરદાનજ હર્ષ લાવી. ૩૦

શારદુલ વિક્રીડિત.

અન્યો અન્ય પતિ પ્રિયા અતિ તમે ધાઢો પ્રેમજ ભોગવો.
શાન્તિ સુખ સદાય ભોગ [3]સચિના [4]ઉમા પતિ જોગવો.
રાખો ઇશ અખંડ જોડ તમ તણી આપો મતિ નિર્મળી.
પોતા વંશ [illegible] સાથ કીર્તી દીશા દશે ઉજળી. ૧

---

૧ મુદ્રા=આકતી. ૨ પણ=નિયમ. ૩ સચિ=ઇંદ્ર. ૪ ઉમાપતિ=મહાદેવ.

॥

દેશી

આર્ય

વૈદ્યો, ડાકટરો
તેઓ હમારા ક
જો તમને ધ
વાઓથી અલગ
ધર્મ જીજ્ઞાસુ
તેમજ અપૂર્વ ર
સ્વામીઓ જોવા ત
શીઓને, બાર
રતે હમારી દેશી
ઉત્તમ પ્રકાર
કરવાથી દરદને આ
હમારે ત્યાં ભસ્મ
માત્રાઓ, પાકો, ચ
મલમો, ઇ. ઇ.
બહાર ગામ

સ્થોનાં નામ.

	નકલ
ડા	૨૦
ફોર્ટસેંડામન	૨૦
	૧૦
	૧૦
મદ	૧૫
મ	૨૦